શહેરમાં વધુ ૧૮ સંક્રમિત

જીપીએસસી ચેરમેન દિનેશ દાસા કોરોના પોઝિટિવ : સે. ૫ ના ૬૦ વર્ષીય દર્દીનું સારવાર દરમ્યાન મોત : સે. ૨૨ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે : શહેરમાં કેસો વધતા તંત્રની ચિંતા વધી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૦૬૨ થઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં જાહેર સેવા આયોગના ચેરમેન, માહિતી કમિશનર કચેરીના નાયબ નિયામક, શિક્ષણ વિભાગના અધિકારી, વડોદરા ડિસ્ટ્રીક્ટ કોર્ટના આસિટંન્ટ, આરોગ્ય વિભાગના આસિસ્ટંન્ટ સહિતના દર્દીઓનો સમાવેશ થાય છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે શહેરમાં કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યાની શંકા વધુ ને વધુ દૃઢ થતી જાય છે.

શહેરમાં નોંધાયેલા દર્દીઓ પૈકી આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. મળતી વિગતો પ્રમાણે સે. ૫ માં રહેતા ૬૦ વર્ષીય દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે.

આ દર્દીને સારવાર માટે ૧૧મી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. જેમનું આજે બપોરે સારવાર દરમ્યાન મોત થતાં સે. ૫ માં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આજે સે. ૨, ૩, ૪, ૫, ૭, સે. ૧૪, ૨૪, ૨૬, ૨૯, ૨૦, ૧૯ માંથી તેમજ જીઈબીમાંથી કેસો મળી આવ્યા છે. જેમાં સે. ૨૦ માંથી ૨, સે. ૩ માંથી ૨ અને સે. ૨૨ માંથી મળેલા બે કેસનો સમાવેશ થાય છે.

આજે સે. ૨ માંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬ માંથી ૭૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે.

વડોદરા કોર્ટમાં આસિસ્ટંટ તરીકે સેવાઓ બજાવતા અને સે. ૧૪માં રહેતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨૪ માંથી ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨૯ માં રહેતા અને લેબર કોન્ટ્રાક્ટરનું કામ કરતા ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝન જીઈબીમાં નોકરી કરતા અને જીઈબી કોલોનીમાં રહેતા ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં ખસેડવામાં આવેલ છે.

સે. ૨૦માં રહેતા અને મધુર ડેરીના સિનીય એક્ઝી.નો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૦ માં બીજો કેસ પોલીસ ભવનના ૩૫ વર્ષીય કર્મયોગીનો નોંધાયો છે તેણે પણ હોમ આઈસોલેશન સ્વીકાર્યુ છે.

સે. ૭ માંથી એક ૫૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શિક્ષણ વિભાગમાં નોકરી

● અનુસંધાન પાન-૭ પર

પ્રધાનમંત્રી મોદીના જન્મદિનની ઉજવણીના

વિશેષ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી સહિત ૩ મંત્રીઓ હાજરી આપશે

માણસામાં રાજ્ય પંચાયત મંત્રી અને રાજ્ય શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં પણ આયોજનો

ગાંધીનગર, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીને ધ્યાને રાખી આજે જિલ્લાભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આજે એક જ દિવસમાં પાટનગરના આ જિલ્લામાં મુખ્યમંત્રી રૂપાણી સહિત ૩ મંત્રીઓ આ કાર્યક્રમોમાં હાજરી આપનાર છે.

મુખ્યમંત્રી રૂપાણી સવારે ગાંધીનગર શહેરના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૨૪૮૭ ના પેયજળ પુરવઠાનું ઈ.ખાત મુહૂર્ત કરશે. આ પછી તેઓ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જ ઓપન એર થિયેટર ખાતે ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર દ્વારા યોજાયેલ લઘુરૂદ્ર યજ્ઞ તેમજ સેવા સમાહના વિશેષ કાર્યક્રમમાં હાજરી આપનાર છે.

મુખ્યમંત્રી રૂપાણી દ્વારા સાંજે ૪ વાગે મહિલા ઉત્કર્ષની વગર વ્યાજની લોન આપવાના કાર્યક્રમનું ઈ.લોન્ચિંગ કરનાર છે. આ માટે ગાંધીનગર, દહેગામ અને માણસા ખાતે ખાસ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. માણસા ખાતે રાજ્ય પંચાયત મંત્રી જયદ્રથસિંહજી પરમાર વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

આ ઉપરાંત માણસા ખાતે જ સવારે નવ વાગે ખેડૂત કલ્યાણના સાત પગલાં યોજના અંગે ખેડૂતો સાથે યોજાયેલ ગોષ્ઠીમાં મહિલા વિકાસ અને શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે હાજર રહેનાર છે. તેઓ ખેડૂત સાથે યોજના અંગે વિશેષ ગોષ્ઠી કરશે.

તંત્ર દ્વારા આજના કાર્યક્રમોના આયોજનોને સફળ બનાવવા માટેની તડામાર તૈયારીઓને અંતિમરૂપ આપવામાં આવી રહ્યું છે.

જિલ્લાની પાંચ શૈક્ષણિક સંસ્થાઓમાં મચ્છરોના પોરા મળતાં તંત્રએ નોટીસ આપી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની મેલેરિયા શાખાની ટીમ દ્વારા ચાલી રહેલ સઘન સર્વેલન્સમાં આજે જિલ્લાની પાંચ શાળાના સંચાલકોને મચ્છરોના ભારે બ્રિડીંગ સંસ્થાઓમાંથી મળતાં તંત્ર દ્વારા નોટીસો બજાવવામાં આવી છે.

તંત્રની ટીમો દ્વારા જિલ્લામાં ૯૬૦ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ ૧૮૨૬ કેમ્પસ, ૧૫૫૫ ધાબા, ૧૪૩૨ ઓવરહેડ ટેંક તથા ૪૧૮૪ અન્ય પાત્રો મળી કુલ ૮૯૯૭ મચ્છરોના સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરવામાં આવી હતી. આ પૈકી ૨૭૯ સ્થાનો પર મચ્છરોના પોરા મળી આવ્યા હતા. જ્યાં તંત્રની ટીમો દ્વારા એન્ટી લારવેલની કામગીરી તથા સોર્સ રિડક્શનની કામગીરી કરવામાં આવી હતી.

પાંચ શૈક્ષણિક સંસ્થાના સંકુલમાંથી ભારે બ્રિડીંગ મળી આવતાં સંચાલકોને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી છે. પ્રથમ રાઉન્ડના સર્વેલન્સ દરમ્યાન આવી સંસ્થાઓ વધુ હતી પરંતુ તંત્ર દ્વારા અપાયેલી તાલિમને સારો પ્રતિસાદ શૈક્ષણિક સંસ્થાઓમાં મળેલો જોવા મળ્યો છે.

તંત્રની ટીમો દ્વારા ગાંધીનગર તાલુકામાં ૪૪૦ શૈક્ષણિક કેમ્પસની મુલાકાત લેવામાં આવી હતી જેમાં વિવિધ સ્થાનોમાંથી ૧૨૦ સ્થાનો પર મચ્છરોના પોરા જોવા મળ્યા હતા. તાલુકાની ૧ શૈક્ષણિક સંસ્થાના

● અનુસંધાન પાન-૭ પર

નવી સીરીઝમાં ચાર એક્કા નંબર માટે ૫.૧૧ લાખ ચુકવાયા

જીજે ૧૮ બી એનની સીરીઝને અનુલક્ષી હરાજીમાં ૯૯૯૯ નંબર માટે પણ ૧.૯૮ લાખ ચુકવાયા : હરાજીમાં ૩૧૫ અરજદારોએ ભાગ લીધો : આર ટી ઓ ને ૨૬.૫૬ લાખની આવક

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર આર ટી ઓ દ્વારા ટુ અને ફોર વ્હીલરની નવી સીરીઝ માટે પસંદગીના નંબરોની હરાજી કરવામાં આવી હતી. જયારે આ હરાજીની પ્રક્રીયાના અંતે આર ટી ઓ કચેરીએ રૂ ૨૬.૫૬ લાખની આવક કરી છે. આ હરાજીમાં ૩૧૫ અરજદારોએ ભાગ લીધો હતો જયારે વાહનોના પસંદગીના નંબરોની આ હરાજીમાં સૌથી વધુ રકમ ચાર એક્કા માટે ચુકવાઈ હતી. ચાર એક્કા માટે રૂ ૫.૧૧ લાખ ચુકવાયા હતા. જયારે ૯૯૯૯ નંબર માટે રૂ ૧.૯૮ લાખની રકમ ચુકવાઈ હતી.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા પસંદગીના નંબરોની હરાજી કરવામાં આવે છે. આર ટી ઓ કચેરીમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલર માટે નવી સીરીઝ શરૂ થાય ત્યારે પસંદગીના નંબરો માટે ઓનલાઈન હરાજીની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવે છે. આર ટી ઓ કચેરી દ્વારા જી જે ૧૮ બી એનની નવી સીરીઝને અનુલક્ષી અરજદારો પાસેથી અરજી મંગાવામાં આવી હતી જયારે વાહનોમાં પસંદગીના નંબરોને અનુલક્ષીને હરાજીની પ્રક્રીયા હાથ ધરાઈ હતી. આ નવી સીરીઝને અનુલક્ષી આર ટી ઓ કચેરીની આ પ્રક્રીયામાં ૩૧૫ અરજદારોએ ભાગ લીધો હતો. જેમાં ફોર વ્હીલરમાં ૧૧૧૧ નંબર માટે અરજદારે રૂ ૫.૧૧ લાખની તગડી રકમ ચુકવી હતી. આ ઉપરાંત ૯૯૯૯ નંબર માટે પણ ૧.૯૮ લાખ રૂપિયા ચુકવાયા છે. આર ટી ઓ કચેરીએ આ નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના

● અનુસંધાન પાન-૭ પર

માટી સાથેનો પ્રેમ - માનવ માત્ર માટી સાથેનું અઢળક અનુસંધાન ધરાવે છે... પંચમહાભૂતોનું એક તત્વ એટલે માટી... આજકાલ શહેરમાં અનેક ખોદકામો પૂરજોશમાં ચાલે છે... ઠેર ઠેર માટીના ઢગ ખડકાયા છે... કેટલાય સ્થાનો પર માટીના ઢગલા કે પથરાયેલી માટી હાલાકી જરૂર સર્જે છે... પરંતુ બાળકોને મન તો મસ્તી અને મોજની જગ્યાનું સર્જન થયું હોય એમ અનુભવે છે... હિમાલયની ટોચે ઉભા રહેવાનો જેવો આનંદ બાળકોના મનમાં ઉછરે છે... માટી સાથેની મસ્તી એ બાળપણનું એ યાદગાર સંભારણું હોય છે...

ગ્રામીણ વિસ્તારના ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર જિલ્લામાં ૨૩ કેસ નોંધાયા જેમાં ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં 3, માણસામાં ૧ અને કલોલમાં ૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૩ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે આજે સારવાર દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત નીપજ્યા છે. જેમાં કલોલની એક યુવતી, ગાંધીનગરના વાવોલ ગામના એક ૫૦ વર્ષીય દર્દી તેમજ વલાદના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુઆંક વધતાં તંત્રમાં આજે સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો. જે રીતે મૃત્યુઆંક વધી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી જવા પામી છે. આજે મૃત્યુ પામેલા દર્દીઓ થોડા દિવસ પહેલાં જ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આજે નોંધાયેલા કેસોમાં ૧૩ દર્દીઓ ગાંધીનગર તાલુકામાં છે. દહેગામમાંથી ૩, માણસામાંથી ૧ અને કલોલમાંથી ૬ કેસ મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી ૮૩ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વાવોલમાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૩૨ વર્ષીય પુરૂષ અને ૫૯ વર્ષના પુરૂષનો સમાવેશ થાય છે. સાદરામાંથી ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાંથી ૩૪ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઝુંડાલમાંથી ૨૭ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અંબાપુર ગામેથી ૬૦ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હોટસ્પોટ ગણાતા કુડાસણ ગામેથી ૫૫ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

નાના ચિલોડા ગામેથી આજે બે કેસ મળ્યા છે. ઘણા દિવસ પછી નાના ચિલોડામાં કોરોનાએ હાજરી પુરાવી છે. ૨૫ વર્ષના યુવાન અને ૪૫ વર્ષની ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૩૦ વર્ષીય જવાન અને ૨૭ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુરમાંથી ૬૯ વર્ષ વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામમાં લવાડ ફાર્મમાંથી ૪૫ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અર્બુન-૨ વિસ્તારમાંથી ૫૦ વર્ષીય પુરૂષ અને ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા અર્બન વિસ્તારમાંથી એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

કલોલના ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ અને કલોલ અર્બન વિસ્તારમાંથી આજે ૩ મળી કુલ ૬ કેસ નોંધાયા છે.

કલોલના બોરીસણા ગામેથી ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગોલથરા ગામેથી ૪૦ વર્ષીય વોલીન્ટીયર મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખોરજ ડાભી ગામેથી ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૯૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. આ ઉપરાંત અર્બન-૧ વિસ્તારમાંથી ૭૧ વર્ષીય પુરૂષ અને ૬૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાતંત્રએ ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજ સુધીમાં ૧૬૧૯ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૧૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬,૪૧૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

નગરના ગ-માર્ગ પર માર્ગ સલામતી જોખમાતા રોજબરોજ અકસ્માત

એકબાજુ માર્ગ વાઇડનીંગનુ કામ ચાલુ હોવાથી માર્ગ આસપાસ મોટામસ ખાડ બીજીતરફ અન્ડર પાસને અનુલક્ષી ટ્રાફિક ડાયવર્ટ થતા ટ્રાફિકનુ પણ ભારણ વધ્યુ

ગાંધીનગર તા ૧૬

શહેરના ગ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. એકબાજુ ગ માર્ગના વાઈડનીંગની કામગીરીના લીધે આસપાસ ખાડા ખાદાયેલા છે. ત્યારે બીજીતરફ નગરના ઘ માર્ગ પર અન્ડર પાસની કામગીરીના લીધે ડાયવર્ઝન અપાતા ગ માર્ગ પર માર્ગ સલામતી જોખમાઈ છે. ગ માર્ગ પર હોસ્પિટલ સહીત અનેકવિધ કોર્મશિયલ કોમ્પલેક્ષ પણ સ્થિત છે જયારે સેકટરોના એપ્રોચ માર્ગોના લીધે ક્રોસ પોઈન્ટ પણ હોવાથી ટ્રાફિકની વધતી અવરજવર વચ્ચે માર્ગ સલામતીના પરિબળો તરફ

● અનુસંધાન પાન-૭ પર

જાહેર ખબર

ગુજરાત સરકાર દ્વારા અમલમાં ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) હેઠળ કાર્યરત સંસ્થા જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન (સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ ફોર બોયસ, સેક્ટર-૧૯, ગાંધીનગર) ની મંજુર થયેલ નીચે દર્શાવેલ જગ્યાઓ ૧૧ માસના કરાર ધોરણે ICPSનાં નિયમોને આધીન વર્ગ-૪ ની જગ્યાઓ ભરવાની થાય છે. તે માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

ક્રમ	હોદ્દો	કર્મચારીઓની સંખ્યા	ચૂકવવાનું માનદ વેતન (Per Month)	અનુભવની વિગતો
૧	કુક (રસોયા)	૧	૭૫૦૦	રસોઈ કામનો અનુભવ
૨	હેલ્પર	૧	૬૦૦૦	
૩	હાઉસ કિપર – આયા	૪	૬૦૦૦	

નોંધઃ- ૧. ઉપરોક્ત જગ્યા માટે ઈચ્છુક ઉમેદવારે અરજી "મેનેજરશ્રી, જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન, ૨૧૧, સુપર મોલ-૨, ઈન્ફોસિટી, ગાંધીનગર" સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિન-૭માં મળે તે રીતે રજી.એડી.થી મોકલવાની રહેશે, અન્યથા માન્ય ગણાશે નહિ.

૨. તમામ અરજીઓ ફરજીયાત રજી.એડી.થી મોકલવી અને જે-તે અરજીના કવર પર જગ્યાનું નામ ફરજીયાત લખવું.

૩. ઉપરોક્ત જગ્યા માટે અરજદારે ફક્ત એક જગ્યા માટે એક અરજી કરી શકશે. બીજી જગ્યા માટે અલગ અરજી કરવાની રહેશે.

મેનેજર, જે.ડી.પટેલ પ્રગતિ ફાઉન્ડેશન
ગાંધીનગર

તૃતિય વાર્ષિક પૂણ્યતિથિ
શ્રધ્ધાંજલિ

કૈલાસધામ વાસી : કલાવતી રમેશચંદ્ર ભટ્ટ (નિવૃત્ત શિક્ષક)
કૈલાસગમન : ૧૭-૦૯-૨૦૧૭, ભાદરવા વદ બારસ

જીવન જીવી જાણ્યું તમે, જીવન જીવવાની રીત તમો અમને શીખવી ગયા, પરિશ્રમના દિવસો વીતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ગયા, તમારી કુટુંબ વાત્સલ્યતા, સ્નેહની લાગણી ધર્મ પ્રત્યેની શ્રધ્ધા, લોક-કલ્યાણના કાર્યો હર હંમેશ અમારી આસપાસ સુવાસ બનીને પ્રસરી રહેશે

લિ.
રમેશચંદ્ર મગનલાલ ભટ્ટ
પરેશ ભટ્ટ નીલેશ ભટ્ટ ફાલ્ગુન ભટ્ટ
મીનળ ભટ્ટ જયશ્રી ભટ્ટ દક્ષા ભટ્ટ
નિમિત્ત ● ભૂમિ ● અમિ ● બીરવા ● અભિ
ફર્મ – જીગ્મા કોમ્પ્યુટર – ૯૯૨૪૧૩૩૫૩૮
કલામીન, પ્લોટ નં ૨૫૨-૧, સેક્ટર નં ૫-એ, ગાંધીનગર-૩૮૨૦૦૬

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com